### ગોડફાધરના નામોને સ્થાન મળે કે સંગઠન મહોર મારે તેના પર સૌની નજર

## પાદરા પાલિકામાં હોદ્દેદારોની વરણીને લઈને સસ્પેન્સ

**પાદરામાં** સત્તાના સમીકરણો: પ્રમુખ-ઉપપ્રમુખની રેસમાં કોણ આગળ?




(પ્રતિનિધિ) પાદરા, તા.12

પાદરા નગરપાલિકામાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, દંડક તેમજ પક્ષના નેતાની વરણીને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા અને સસ્પેન્સ સર્જાયું છે. આગામી અઠવાડિયામાં હોદ્દેદારોની સત્તાવાર જાહેરાત થવાની શક્યતા વચ્ચે રાજકીય આગેવાનો દ્વારા સૂચવાયેલા નામોને સ્થાન મળે છે કે પછી સંગઠન દ્વારા સંકલન કરી અંતિમ પસંદગી કરવામાં આવે છે તેની સામે સૌની નજર મંડાયેલી છે. તાજેતરમાં પૂર્ણ થયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાદરા નગરપાલિકામાં ૧૯ નવા અને યુવા ચહેરાઓ ચૂંટાઈ આવ્યા છે. અને ૯ રીપીટ સભ્યો છે.

જેમાં કેટલાક સભ્યો બિનહરીફ પણ ચૂંટાઈ આવ્યા છે. સ્થાનિક લોકોમાં એવી અપેક્ષા છે કે જાહેર જીવનમાં સ્વચ્છ છબી ધરાવતા, પારદર્શક વહીવટ કરી શકે અને વિકાસલક્ષી દષ્ટિકોણ ધરાવતા શિક્ષિત પ્રતિનિધિઓને મહત્વના હોદ્દાઓ પર સ્થાન મળશે. રાજકીય સૂત્રોના જણાવ્યા મુજબ પ્રમુખ પદ માટે ત્રણ નામોની પેનલ ચર્ચામાં હોવાનું જાણવા મળે છે. જેમાં પ્રમુખ તરીકે દીપેશભાઈ દેવેન્દ્રભાઈ પંચાલ, રાકેશભાઈ રાજુભાઈ રાણા અને અનિલ જગદીશભાઈ પરમારના નામો ચાલી રહ્યા છે. ઉપપ્રમુખ પદ માટે રિમ્પલબેન દક્ષેશ પટેલ, મોના જીગ્નેશભાઈ પટેલ અને નિશા સચિન ગાંધીના નામોની ચર્ચા ચાલી રહી છે.

તે જ રીતે કારોબારી ચેરમેન પદ માટે દિલીપસિંહ દલપતસિંહ રાજપૂત અને પ્રતિક (સંતોષ) હસમુખભાઈ પટેલના નામો રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. સંગઠન દ્વારા સામાજિક સમીકરણો, પ્રાદેશિક પ્રતિનિધિત્વ તેમજ આવનારા રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને હોદ્દેદારોની પસંદગી કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. સ્થાનિક રાજકીય આગેવાનો અને કાર્યકરોમાં પણ કોણ કયા હોદ્દા સુધી પહોંચે છે તે અંગે ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. હવે આગામી દિવસોમાં થનારી સત્તાવાર જાહેરાત બાદ જ પાદરા નગરપાલિકાના સત્તાના સમીકરણો સ્પષ્ટ થશે.

#### આવનારી વિધાનસભાની ચૂંટણી ઉપર પણ પડી શકે અસર

પાદરા સહિત સમગ્ર વિસ્તારમાં આગામી સમયમાં આવનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં હોદ્દેદારોની વરણીને રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પાદરા નગરપાલિકા શાસનમાં હાલ ચાલી રહેલી હોદ્દેદારોની પસંદગી પ્રક્રિયામાં જો શિક્ષિત, યુવા અને વિવિધ જ્ઞાતિ-સમાજના પ્રતિનિધિઓને યોગ્ય સ્થાન આપવામાં આવે તો તેનો સકારાત્મક રાજકીય લાભ આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોને મળી શકે તેવી શક્યતા રાજકીય વર્તુળોમાં વ્યક્ત થઈ રહી છે. આ કારણે પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન સહિતના હોદ્દાઓ માટે માત્ર રાજકીય સમીકરણો જ નહીં પરંતુ સામાજિક સંતુલન, પ્રાદેશિક પ્રતિનિધિત્વ અને સંગઠન પ્રત્યેની વફાદારી જેવા મુદ્દાઓને પણ મહત્વ આપવામાં આવી રહ્યું હોવાનું માનવામાં આવે છે. તેથી વિવિધ સમીકરણોને ધ્યાનમાં રાખીને હોદ્દેદારોની વરણી કરવામાં આવે તેવી શક્યતા વધુ મજબૂત બની રહી છે.

### આદિવાસી અને અટાલીયા પક્ષ વચ્ચે સામસામે આક્ષેપ

## કરજણના ભરથાણા ગામે લગ્નનો વરઘોડો રણભૂમિમાં ફેરવાયો: સામસામે ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) કરજણ , તા.12

કરજણ તાલુકાના ભરથાણા ગામે ગઈકાલે આદિવાસી સમાજના લગ્નના વરઘોડા દરમિયાન થયેલી મારામારી અને ધમાલનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ, આજે કરજણ પોલીસ મથકમાં આ મામલે સામસામે ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનાએ સામાજિક સૌહાર્દ અને સહઅસ્તિત્વ પર પ્રશ્નાર્થ ઊભા કર્યા છે, જ્યાં એક શુભ પ્રસંગ અણબનાવ અને હિંસામાં પરિણમ્યો.

પ્રાપ્ત માહિતી અનુસાર, આદિવાસી સમાજના લોકો દ્વારા કરાયેલી ફરિયાદમાં શૈલેષભાઈ કનુભાઈ વસાવાએ




જણાવ્યું છે કે, તેમની ભાણકીના મોસાળાનો વરઘોડો નીકળ્યો હતો. તે સમયે ચિરાગભાઈ અટાલીયા મોટરસાયકલ લઈને વરઘોડા વચ્ચે આવી ગયા હતા અને મોટરસાયકલ ઊભી રાખીને વરઘોડાને બીજા રસ્તે લઈ જવા માટે દબાણ કર્યું હતું. શૈલેષભાઈની ફરિયાદ મુજબ, ચિરાગભાઈ અટાલીયા સાથે અજયસિંહ અટાલીયા, મયંકસિંહ અટાલીયા, મહિપાલસિંહ, અન્નુ અટાલીયા, કુલદીપસિંહ અટાલીયા, કરણસિંહ અટાલીયા, ભરતસિંહ અટાલીયા, અને સિદ્ધરાજસિંહ અટાલીયા સહિતના લોકો ભેગા મળીને આદિવાસી સમાજના લોકોને જાતિવિરુદ્ધ અપમાનજનક શબ્દો બોલ્યા હતા અને ગંદી ગાળો આપી ઝપાઝપી કરી હતી. આ દરમિયાન, ફરિયાદી શૈલેષભાઈ વસાવાના ભાઈ કિશનભાઈ મંગળભાઈ વસાવા પર બેટ વડે જીવલેણ હુમલો કરવામાં આવતા, તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. આદિવાસી સમાજ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ ઘટના જાતિગત ભેદભાવ અને અપમાનનું પરિણામ છે.

## દણોલી ગામે કામ બાબતે બોલાચાલી બાદ સામસામે ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા.12

પાદરા તાલુકાના દણોલી ગામની નવી નગરી વિસ્તારમાં કામધંધાની બાબતે થયેલી બોલાચાલી બાદ બે પક્ષો વચ્ચે મારામારી સર્જાતા વડુ પોલીસ મથકે સામસામે ફરિયાદો નોંધાઈ હતી. પોલીસે બંને ફરિયાદોના આધારે કુલ ૬ ઈસમો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રથમ ફરિયાદ છત્રસંગ કાભાઈભાઈ પાટણવાડીયા (ઉ.વ.૫૫), રહે. દણોલી નવી નગરી દ્વારા નોંધાવી છે.

ફરિયાદ મુજબ તેમના દીકરા બળવંતભાઈ આરોપીઓ પાસે કામ કરવા કેમ જતા નથી તે મુદ્દે આરોપી વિજયભાઈ ઉદેસિંગ ઠાકોરે બળવંતભાઈને દંડો માર્યો હતો. ત્યારબાદ છત્રસંગભાઈ સમજાવવા જતા વિજયભાઈ ઠાકોર, શૈલેષભાઈ રતનસંગ પાટણવાડીયા અને રતીલાલ ભીમસંગ પાટણવાડીયાએ ઝઘડો કરી ગાળો બોલી હતી. જેમાં વિજયભાઈએ છત્રસંગભાઈને દંડાના ફટકા મારી ઈજા પહોંચાડી હતી તેમજ અન્ય બે આરોપીઓએ પણ ઢીકાપાટુનો માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

બીજી તરફ વિજયભાઈ ઉદેસિંગ ઠાકોર (ઉ.વ.૪૨), રહે. દણોલી નવી નગરીએ પણ સામા પક્ષ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ તેઓ બળવંતભાઈ કામ પર કેમ આવતા નથી તે મુદ્દે પૂછવા ગયા હતા ત્યારે બળવંત છત્રસંગ પાટણવાડીયા, છત્રસંગ કાભાઈભાઈ પાટણવાડીયા અને પંકજભાઈ છત્રસંગ પાટણવાડીયાએ ઝઘડો કરી ગાળો બોલી હતી.

## મહુવડના યુવાને આવેશમાં આવી ઝેરી દવા પીતા હોસ્પિટલમાં ખસેડાયો

પાદરા, તા. 12

પાદરા તાલુકાના મહુવડ ગામે એક યુવાને મનમાં ચાલતી ઉથલપાથલ અને ભવિષ્ય અંગેની ચિંતાને કારણે આવેશમાં આવી ઝેરી દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મહુવડ નવાપુરા ખાતે તુલજા પેટ્રોલ પંપ પાસે રહેતા હાર્દિકભાઈ કમલેશભાઈ પઢીયાર (ઉ.વ.૨૩) એ પોતાના કેરિયર અંગે મનમાં ચાલી રહેલી મૂંઝવણ અને ચિંતા વચ્ચે આવેશમાં આવી પોતાના ઘરની સામે આવેલા લીમડા પાસે જઈ દવાના પાઉચમાંથી એકાદ ઘૂંટ જેટલી ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો દ્વારા તાત્કાલિક તેમને સારવાર માટે મહુવડ ખાતે આવેલી સહયોગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.

### 45 ડિગ્રી ગરમી વચ્ચે કેલદરામાં આગની દુર્ઘટના

## કેલદરા ગામે આકસ્મિક આગથી ઉભો પાક અને ઘાસચારો બળીને ખાક

(પ્રતિનિધિ) કવાંટ, તા.12

કવાંટ તાલુકામાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે આગની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે કવાંટ તાલુકાના કેલદરા ગામે આકસ્મિક આગ લાગતા ખેડૂતને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી મુજબ, કેલદરા ગામના ડામરી ફળિયામાં રહેતા રાઠવા નારુભાઈ નથુભાઈના ખેતર સર્વે નંબર 166માં ભાગે ખેતી કરતા ઈસુભાઈ કરપાભાઈ રાઠવાના ખેતરમાં આજે બપોરે અંદાજે 1 વાગ્યાના સમયે કોઈ અગમ્ય કારણોસર અચાનક આગ લાગી હતી.



આગ લાગતા જોતજોતામાં ખેતરમાં ઉભેલો પાક, ઘાસચારો તેમજ અંદાજે 200 કિલો બાટુ અને સિંચાઈ માટે ઉપયોગમાં લેવાતી 300 ફૂટ પાણીની પાઈપલાઈન સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. આગના કારણે ખેડૂતને મોટું આર્થિક નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

ઘટના અંગે ખેડૂત દ્વારા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને લેખિતમાં જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ તલાટી કમ મંત્રી દ્વારા આગમાં થયેલા નુકસાનની વિગતો તાલુકા પંચાયત કચેરી, કવાંટ ખાતે મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે હાલ કવાંટ તાલુકામાં તાપમાનનો પારો 45 ડિગ્રી સુધી પહોંચતા ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે, જેના કારણે આગની ઘટનાઓમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### રાજ્યના ખેડૂતોને પ્રમાણિત બિયારણ પર મળશે સહાય

## ઓનલાઈન અરજીઓ મેળવવા માટે આઈ-ખેડૂત ખુલ્લુ મુકાયુ

**મગફળી,** સોયાબીન અને તલના બિયારણ માટે સહાય

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

રાજ્યના ખેડૂતોને તેલીબિયાં પાકોની ખેતી કરવા માટેનું પ્રોત્સાહન મળી રહે તેમજ તેલીબિયાં પાકોનો વાવેતર વિસ્તાર, ઉત્પાદન તથા ઉત્પાદકતામાં વધારો થાય તે માટે ભારત સરકારશ્રી દ્વારા નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ-ઓઈલસીડ યોજના રાજ્યના આણંદ, નવસારી અને વલસાડ જિલ્લાઓ સિવાયના જિલ્લાઓમાં અમલમાં મુકવામાં આવી છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ની આગામી ખરીફ સિઝનના મગફળી, સોયાબીન, દિવેલા અને તલ પાકોના પ્રમાણિત બીજ વિતરણ ઘટકમાં સહાયથી પ્રમાણિત બિયારણ મેળવવા માટે ખેડૂતોની ઓનલાઈન અરજીઓ મેળવવા માટે આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ આગામી તા.૧૭/૦૫/૨૦૨૬ સુધી દસ દિવસ માટે ખુલ્લું મુકવામાં આવ્યુ છે. જે ધ્યાને લઈ, રાજ્યમાં તેલીબિયાં પાકોની ખેતી કરતાં ખેડૂતોને સહાયથી પ્રમાણિત બિયારણ મેળવવા માટે આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવા અનુરોધ કરાયો છે.

## સુસ્કાલ ગામે 70 વર્ષ બાદ ગામ સાઈ ઈન્દની ભવ્ય ઉજવણી

**સુસ્કાલમાં** આસ્થાનો મહાકુંભ: 80 વર્ષ બાદ દેવોની પેઢી બદલવાનો ઐતિહાસિક પ્રસંગ



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.12

પાવીજેતપુર તાલુકાના સુસ્કાલ ગામે આદિવાસી સમાજની આસ્થા અને પરંપરાનું પ્રતિક માનાતી ગામ સાઈ ઈન્દની ઉજવણી ભવ્ય રીતે ચાલી રહી છે. ગામમાં ધાર્મિક અને સાંસ્કૃતિક માહોલ વચ્ચે આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે.

ગામ સાઈ ઈન્દ દરમિયાન આદિવાસી સમાજ પોતાના દેવી-દેવતાઓ, પૂર્વજો અને પ્રકૃતિ માતાની પરંપરાગત રીતે પૂજા અર્ચના કરે છે. ખાસ કરીને દેવોની પેઢી બદલવાનો આ પ્રસંગ આશરે 70 થી 80 વર્ષ બાદ આવતો હોવાથી ગામમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ પ્રસંગે દેવોના નવા ઘોડા તેમજ નવા ખુટનું સ્થાપન બળવા અને પુંજારા દ્વારા ધાર્મિક વિધિ મુજબ કરવામાં આવી રહ્યું છે.

ઉજવણી દરમિયાન ગામના યુવાનો, મહિલાઓ અને વડીલો પોતાના પારંપરિક વેશભૂષામાં સજ્જ થઈ ઢોલ-માંદળ અને તીર-કામઠા સાથે પરંપરાગત નૃત્ય કરી આદિવાસી સંસ્કૃતિને જીવંત બનાવી રહ્યા છે. સમગ્ર ગામમાં મેળા જેવો માહોલ સર્જાયો છે.

ગામ સાઈ ઈન્દનો મુખ્ય મેળો તા. 13 મેના રોજ યોજાનાર છે. જેમાં આસપાસના વિસ્તારો સહિત દૂર દૂરથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગેવાનોના જણાવ્યા મુજબ આ મેળો આદિવાસી સમાજની એકતા, પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું અનોખું પ્રતિબિંબ બની રહેશે.

### અકસ્માતમાં ચાણોદના વ્યક્તિનું મોત

## માલસર બ્રિજ નજીક સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત

(પ્રતિનિધિ) શિનોર, તા.12

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં માલસર બ્રિજ નજીક સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. બેફામ દોડતી ઈકો ગાડીએ બાઈકને ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે. ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે અન્ય એક વ્યક્તિ ઈજાગ્રસ્ત બન્યો છે.

મળતી માહિતી મુજબ, તા. 10 મે 2025ના રોજ સાંજના સમયે માલસર બ્રિજ પાસે રોડ ઉપર ઈકો ગાડી નંબર GJ-06-LE-5349 ના ચાલકે ગફલતભરી અને બેદરકારીપૂર્વક વાહન હંકારી બાઈકને ટક્કર મારી ને ઈકો ચાલક સામે પાર ભાગી જતા રાજપીપળા પોલીસે અને પકડીને શિનોર પોલીસને સોંપ્યો હતોઅકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક ઉપર સવાર લોકો રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા.

આ અકસ્માતમાં મહેશભાઈ નટુભાઈ માછી, રહેવાસી નવા માળવા ચાણોદનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે જગદીશભાઈ ઈકબાલભાઈ રાઠોડ, રહેવાસી નવા માંડવા ઈજાગ્રસ્ત બનતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે અરુણભાઈ મહેશભાઈ માછી, રહેવાસી માંડવાએ શિનોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા 2023 ની સંબંધિત કલમો તેમજ મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કરજણના સાદરણા ગામમાં પાણી માટે હાહાકાર!

## ગટરલાઈનના કામ વચ્ચે પાંચ દિવસથી પાણી બંધ, ગામલોકો કૂવાઓ પર નિર્ભર

(પ્રતિનિધિ) કરજણ, તા.12

કરજણ તાલુકાના સાદરણા ગામમાં કાળઝાળ ગરમી વચ્ચે પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતા ગામલોકો હાલ પાણી માટે વલખાં મારતા જોવા મળી રહ્યા છે. આધુનિક યુગમાં પણ ગ્રામજનોને ખેતરોના કૂવાઓ પરથી પાણી ભરવાની ફરજ પડતા સ્થાનિક તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

મીડિયા દ્વારા ગ્રામજનો સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું હતું કે છેલ્લા પાંચ દિવસથી ગામમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ છે. ગામમાં ચાલી રહેલા ગટરલાઈનના કામ દરમિયાન



ખોદાયેલા ખાડાઓમાં પાણી ભરાઈ ન જાય અને કામમાં અડચણ ન પડે તે માટે પાણી બંધ રાખવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

જો કે, સ્થાનિકોના મતે કામ માટે પાણી બંધ કરવું જરૂરી હોય તો પણ ગામલોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી તંત્રની પ્રાથમિક જવાબદારી બને છે. પરંતુ ગ્રામ પંચાયત દ્વારા પાણીના ટેન્કરની પણ કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હોવાના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગામલોકોએ જણાવ્યું હતું કે કાળઝાળ ગરમીમાં પીવાનું પાણી મેળવવા માટે તેમને ખેતરોમાં આવેલા કૂવાઓ સુધી જવું પડે છે. ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોને ભારે મુશ્કેલી પડી રહી છે.

આ મામલે સરપંચના પતિએ મીડિયા સમક્ષ ગટરલાઈનના કામને કારણે પાણી પુરવઠો બંધ રાખવાની મજબૂરી દર્શાવી હતી. જોકે મીડિયાના હસ્તક્ષેપ બાદ આજે સાંજ સુધીમાં ગામમાં પાણી પહોંચાડવાની ખાતરી આપવામાં આવી છે.

## આદિવાસી સંસ્કૃતિનો અનોખો ઉત્સવ ઉજવાશે પાણીબાર ગામે આજે ‘બાબા ઈંદ’નું આયોજન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.12

છોટાઉદેપુર ના પાણીબાર ગામ ખાતે ૧૩ મે ના બુધવારે ગામ ગાંદરીયો (કરોડીયો) બાબા ઈંદ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧૦ મે ના રોજ રાજી નું ગાંયણુ કરવામાં આવ્યું હતું, જ્યારે ૧૧ મે સોમવારે પાણીબાર થી દેવોના ઘોડા લેવા માટે મોટલા ઢોલ,થાળી, ઢોલીયા, માંદડ ,શરણાઈ ,દદૂડી ના ધમકારે વાજતે ગાજતે આદિવાસી પહેરવેશ માં સજ્જ થઈ ગ્રામજનો છોટાઉદેપુર ના ઝોઝ ખાતે પહોંચ્યા હતા અને ત્યાં બાબા દેવ ના ઘોડા ઓ નું જરુરી પૂજાવિધિ કરીને સન્માનભેર નાચતા કુદતા હર્ષભેર પાણીબાર બાબા ઈંદ મંડાવાની જગ્યાએ




લાવવા માં આવ્યા હતા.

પાણીબાર ગામ માં ખાસ કરીને બાબા લઢવા દેવ,બાબા વડાદેવ,બાબા કુવાજાદેવ,દુધિયાદેવ,બાબા ઝાંપલીયાદેવ, સિમોડાદેવ,ખેડાઈમાતા, વેરાઈ માતા ખત્રી પૂર્વજો સ્થાનકો સહિત ના આદિ દેવસ્થાનો આવેલા છે જે દેવસ્થાનો પૈકી જે દેવસ્થાનો પર ઘોડા ચઢાવવા જરુરી છે ત્યાં પર ઘોડા જ્યારે જે દેવસ્થાનો પર ખૂંટડા રોપવાના થાય ત્યાં ખૂંટડા એ મુજબ તમામ આદિ દેવસ્થાનો ની ગણતરી કરી ને આ તૈયારી કરવામાં આવી છે. સાદાઈથી આયોજિત કરવામાં આવેલ કરોડીયા બાબા ઈંદ માટે પાણીબાર ગામ ના તમામ પરિવારો એ નક્કી કરવામાં આવેલ સહયોગ રાશિ એકત્ર કરી તમામ પરિવારો ના સહિયારી ભાગીદારી થી આ આયોજન કરાયું છે. ગામ માં સૌ ગ્રામજનો સહિત ઢોરઢાંખર સહિત તમામ જીવો ના કલ્યાણ માટે અને ગામ માં સુખ સમૃદ્ધિ રહે, ખેતીવાડી લીલી રહે તેવી આસ્થા અને ભાવના સાથે આદિવાસી સંસ્કૃતિ પરંપરા ઓ ને જાળવી રાખી બરકરાર રાખવા ના હેતુ માટે ગામ ના આદિ દેવસ્થાનો પર વર્ષે દહાડે વારે તહેવારે જરુરી પૂજાવિધિ કરવામાં આવે છે પરંતુ લાંબા ગાળે આ પ્રમાણે બાબા ઈંદ ની ઉજવણીના કાર્યક્રમ યોજી ગામ નુ મોટું પૂજન સમયાંતરે કરવામાં આવે તેમ ગામ ના અગ્રણીઓ દ્વારા જણાવ્યું હતું.

### કસ્બા જેલ રોડ વિસ્તારમાં રાત્રિના સમયે અંધારપટ છવાતા રહીશો ત્રાહિમામ

## ધોમધખતા ઉનાળે વીજ કંપનીની ‘ઘોર બેદરકારી’, વારંવારના પાવર કટથી રોષ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.12

છોટાઉદેપુર જિલ્લામાં આકરી ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે ત્યારે બીજી તરફ વીજ કંપનીની અનિયમિતતાએ લોકોની ઊંઘ હરામ કરી દીધી છે. જિલ્લા મથક સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી વારંવાર વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિક રહીશોમાં તીવ્ર અસંતોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને છોટાઉદેપુરના કસ્બા જેલ રોડ વિસ્તારમાં રાત્રિના સમયે વારંવાર લાઈટો ગુલ થવાના કિસ્સા બનતા લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત રાત્રિએ આશરે ૮:૨૦ વાગ્યે અચાનક



વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અસહ્ય બફારા વચ્ચે લોકો અડધો કલાક સુધી વીજળીની રાહ જોતા રહ્યા હતા, ત્યારબાદ માંડ પાવર સપ્લાય શરૂ થયો હતો. જોકે, આ રાહત લાંબી ટકી નહોતી. મધરાત્રે ફરી ૧૨:૪૦ વાગ્યે વીજળી જતી રહેતા લોકો ભર ઊંઘમાંથી જાગી ગયા હતા અને ગરમીના કારણે ભારે પરેશાન થયા હતા.બીમારી અને ગરમી વચ્ચે જનતા લાચારભર ઉનાળે જ્યારે પંખા અને એસી વગર રહેવું અશક્ય છે, ત્યારે મધ્યરાત્રિના સમયે વીજળી ગુલ થવાથી સૌથી વધુ માઠી અસર નાના બાળકો, વૃદ્ધો અને બીમાર દર્દીઓ પર પડી રહી છે. રાત્રિના અંધકારમાં મચ્છરોનો ઉપદ્રવ અને ગરમીને કારણે રહીશો આખી રાત પજવાયા હતા.

વારંવાર પાવર ટ્રીપિંગના કારણે માત્ર ઘરવપરાશ જ નહીં, પરંતુ વેપાર-ધંધા અને ઈન્ટરનેટ સેવાઓ પર પણ માઠી અસર પડી છે. વર્ક ફ્રોમ હોમ કરતા યુવાનો અને ઓનલાઈન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વીજળીની આ અનિયમિતતા મોટો પડકાર બની છે. વેપારીઓનું કહેવું છે કે વારંવાર લાઈટ જવાથી ઈલેક્ટ્રોનિક ઉપકરણો બગડવાનો પણ ભય રહે છે.

## પાદરા-જંબુસર હાઈવે પર ટ્રકની ટક્કરે બે ભાઈઓ ગંભીર ઈજાગ્રસ્ત

પાદરા,તા.12

પાદરા-જંબુસર હાઈવે ઉપર ધોબીકુવા ગામ પાસે આવેલા આશીર્વાદ હોટલ સામે ટ્રક ચાલકની ગફલતભરી રીતે હંકારવાના કારણે સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર બે ભાઈઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. બનાવ અંગે વડુ પોલીસ મથકે ગુનો નોધાયો છે. પ્રાપ્ત માહિતી મુજબ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પિલુદ્રા નવી નગરી, કારેલી રોડ વિસ્તારમાં રહેતા અક્ષયકુમાર ભયલાલભાઈ પરમાર (ઉ.વ.૨૫) પોતાના નાના ભાઈ ચિરાગકુમાર ભયલાલભાઈ પરમાર સાથે ગોત્રી હોસ્પિટલ ખાતે પોતાના માતા-પિતાને ટિફિન આપવા માટે બાઈક પર જઈ રહ્યા હતા.